**<u>ક્રિમીનલ કેસ નં. ૧૦૦૩/૨૦૨૬</u>**

**<u>આંક :– ૧ હેઠળ હુકમ :–</u>**

**(૧)** આ કામના આરોપી સામે ધી પ્રોહીબીશન એકટ ની કલમ – ૬૬(૧)(બી), ૮૫ મુજબના ગુન્હા અંગે સબંધીત પોલીસ સ્ટેશન ધ્વારા કોર્ટ સમક્ષ સાર્ઝસીટ રજુ કરવામાં આવેલ છે. સદરહુ ચાર્ઝસીટ જોતા આરોપી ચોકકસ સમય અને ચોકકસ જગ્યાએ જાહેરમાં પાસ પરમીટ વગર કેફી પ્રવાહી પીધેલી મળી આવેલ હોવાનો કેસ છે.

**(૨)** ધી પ્રોહીબીશન એકટની કલમ ૬૬(૧)(બી) ની જોગવાઇ ધ્યાને લેવામાં આવે તો કોઇ વ્યકિત પાસ પરમીટ વગર ગેરકાયદેશર રીતે નશો કરેલી હાલતમાં મળી આવે તો તેને પ્રથમ ગુન્હા માટે છ માસની કેદની સજા અને રૂપિયા દશ હજાર સુધીનો દંડ અથવા બન્ને સજા થઇ શકે તેવી જોગવાઇ કરવામાં આવેલ છે. સદર કાયદાની જોગવાઇ મુજબ આરોપીના લોહીમાં ૦.૦૫ ટકા કરતા વધારે આલ્કોહોલની હાજરી નિષ્ણાંતના રીપોર્ટ પ્રમાણે મળી આવવી જોઇએ. અને તે રીપોર્ટ પ્રોહીબીશન મેડીકલ એઝામીનેશન અને બ્લડ ટેસ્ટ રૂલ્સ પ્રમાણે કાયદામાં ગ્રાહય હોવો જોઇએ. પરંતું આ કામે ચાર્ઝસીટ સાથે રજુ કરેલ દસ્તાવેજો જોતા આ કામે આરોપીના મેડીકલ બ્લડ ટેસ્ટનો કોઇ રીપોર્ટ રજુ કરવામાં આવેલ નથી. ઉપરાંત આ તબકકે THE BOMBAY PROHIBITION (MEDICAL EXAMINATION AND BLOOD TEST) RULES, 1959 ના રૂલ ૪ (૨) ની જોગવાઇ ધ્યાને લેવામાં આવે તો તે મેન્ડેટરી જોગવાઇ છે. અને તે નીચે મુજબ છે.

4. Manner of collection and forwarding of blood.––

(2) The sample blood collected in the phial in the manner stated in sub-rule (1) shall be forward for test to the Testing Officer either by post or with a special

messenger so as toreach him within seven days from the date of its collection. It shall be accompanied by aforwarding letter in form 'B' which shall bear a fascimile of the seal or monogram used forsealing the phial of the sample blood.

સદર જોગવાઈ ધ્યાને લેતા આરોપીના શરીરમાંથી લીધેલ લોહીનો નમુનો ૭ દિવસની અંદર એફ.એસ.એલ.માં મળી જવો જોઈએ અને સદર જોગવાઈ મેન્ડેટરી જોગવાય છે. હાલના કેસના સંજોગો ધ્યાને લેતા આરોપીના શરીરમાંથી લીધેલ લોહીનો નમુનો ૭ દિવસમાં એફ.એસ.એલ.માં મળી ગયેલ હોય તેવો કોઈ પુરાવો ફરીયાદ પક્ષ તરફથી રજુ કરવામાં આવેલ દસ્તાવેજોમાં જણાય આવતો નથી. કે આ કામે કોઈ એફ.એસ.એલ.નો રીપોર્ટ પણ રજુ કરવામાં આવેલ નથી તેવા સંજોગોમાં આરોપીના લોહીમાં કાયદાએ નકકી કરેલ માત્રા કરતા વધારે આલ્કોહોલની હાજરી હતી તે નકકી થઈ શકે તવો કોઈ પુરાવો ફરીયાદ પક્ષે ચાર્જસીટ સાથે રજુ કરેલ નથી. તે સંજોગોમાં આરોપી વિરૂધ્ધ સદર ગુન્હા અંગેનું તહોમતનામુ ફરમાવી શકાય તેવો પુરાવો રજુ થયેલ નથી.

(૩) ઉપરાંત ચાર્જસીટ જોતા આરોપી ચોકકસ સમય અને ચોકકસ જગ્યાએ જાહેરમાં પાસ પરમીટ વગર કેફી પ્રવાહી પીધેલી મળી આવેલ હોવાનો કેસ છે. ધી પ્રોહી. એકટ ૮૫ મુજબના શિક્ષાપાત્ર ગુન્હાના મુખ્ય તત્વો સાર્વજનીક સ્થળમાં છોકટો બનેલ હોય અને ઉપદ્રવ ઉભો કરતો હોય, કોઈ વ્યકિત સાથે ઝઘડો કરતો હોય, અપશબ્દ વાળી અથવા અશિષ્ટ ભાષાનો ઉપયોગ કરતો હોય, બીજા સાથે મારા મારી કરતો હોય, કોઈ પણ સ્ત્રી સાથે ગેરવર્તણુક કરતો હોય અથવા અશ્લીલ ચેનચાળા કરતો હોય તેવી કોઈ હકીકત રેકર્ડ ઉપર જણાય આવતી નથી. આમ, ચાર્જસીટ તથા તેની સાથેના નીવેદનો તથા અન્ય દસ્તાવેજો વંચાણે લેતા ધી. પ્રોહી. એકટની કલમ ૬૬(૧)(બી), ૮૫ મુજબનો ગુન્હો પ્રથમ દર્શનીય રીતે બનતો હોવાનું જણાય આવતુ ન હોય આરોપીને ધી. પ્રોહી. એકટની કલમ ૬૬(૧)(બી), ૮૫ મુજબના ગુન્હામાંથી

ડીસ્ચાર્ઝ કરનો જોઈએ તેમ જણાય અવતુ હોય ન્યાયના હિતમાં નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

**<u>–: હુકમ :–</u>**

૧) આ કામના આરોપીને ધી. પ્રોહી. એકટની કલમ ૬૬(૧)(બી), ૮૫ મુજબના ગુન્હામાંથી ડીસ્ચાર્ઝ કરવાનો હુકમ કરવામાં આવે છે.

૨) આરોપીના જાત મુચરકા તથા જામીનીખત રદ કરવામાં આવે છે.

હુકમ આજરોજ તા.૧૪ મી માહે માર્ચ, ૨૦૨૬ ના રોજ સ્પેશીયલ સીટીંગમાં વાંચી, સંભળાવી જાહેર કરવામાં આવ્યો.

તારીખ:– ૧૪–૦૩–૨૦૨૬

લીમખેડા

( એમ.યુ.કુરમાની )
એડી.ચીફ.જયુડી.મેજીસ્ટ્રટ, લીમખેડા
(કોડ નં.જી.જે.૦૧૦૧૨)